પ્રિય Lakeridge Health દર્દી/પરિવારના સભ્ય,

**તમારી સારી રીતે સેવા કરવા માટે અમે Epic transformation કરવા જઈ રહ્યાં છીએ!**

3જી ડિસેમ્બર, 2021ના દિવસે, Lakeridge Health, CentralEast Ontarioમાં છ ભાગીદારી હૉસ્પિટલ સંગઠનોની સાથે Epicને દાખલ કરશે - એક એવી આધુનિક, કૉમ્પ્યુટર-આધારિત પદ્ધતિ જે પ્રત્યેક દર્દી માટે સિન્ગલ, ડિજિટલ સ્વાસ્થ્ય રેકૉર્ડ પૂરો પાડશે.

જૂથના સભ્યો વચ્ચે આ નવી, વિતરિત પદ્ધતિ એ આપણા ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને જે રીતે આપણે અહીં Durham ક્ષેત્રમાં Lakeridge Healthમાં, તેમજ આગામી પેઢીઓ માટે સમગ્ર CentralEast Regionમાં સંભાળ લઈ રહ્યાં છીએ તેની રીતમાં મોટાપાયે સુધારો લાવશે. Epicનાં અનેક લાભોમાં સમાવેશ થાય છે:

- સંભાળ લેનાર ટુકડીને નૈદાનિક નિર્ણયો લેવામાં સહાયરૂપ બનવા માટે સમયસર માહિતી પ્રાપ્ત કરવા સક્ષમ બનાવવી, જેમાં પરીક્ષણનાં પરિણામો, દવાની માહિતી તેમજ અન્ય જરૂરી માહિતીનો સમાવેશ થાય છે.
- દર્દી માટે ઉત્પાદિત સામગ્રી, વગેરે બાબતના લક્ષણોમાં સુધારો કરવો, જેમાં દર્દીના પલંગની બાજુમાં બારકોડ ઓળખનું પ્રમાણીકરણનો સમાવેશ થાય છે.
- શક્ય તેટલું ઓછું પુનરાવર્તન તેમજ વધુ કાર્યનિપુણ પ્રક્રિયાઓનો સમાવેશ જે વધુ ટકાઉ સ્વાસ્થ્ય પદ્ધતિ તરફ દોરવે છે.

વધુમાં, Epicનો આરંભ નવા **MyChart Central East Ontario** દર્દીના પૉર્ટલનો સમાવેશ કરશે કે જ્યાં તમે તમારા તબીબી રેકૉર્ડ્સ તેમજ વ્યક્તિગત સ્વાસ્થ્ય અંગેની માહિતી પ્રાપ્ત કરી શકો છો. 3જી ડિસેમ્બરના દિવસે શરૂ થનાર **MyChart Central East Ontario** માટે તમે કેવી રીતે નોંધણી કરાવી શકશો એ lakeridgehealth.on.ca/mychartમાં જઈને જાણો.

તમારી સંભાળ લેવા માટે અમે જેમ-જેમ આ વધુ ઝડપી, વધુ સલામત અને વધુ સારી રીતે પરિવર્તિત થવા જઈ રહ્યાં છીએ, તેમ-તેમ તમે એ જોશો કે તમારે સામાન્ય કરતાં વધુ વખત રાહ જોવી પડશે કારણ કે કેટલીક પ્રક્રિયાઓ અલગ રીતે કરવામાં આવી રહી છે.

અમે એ બાબતની ખાતરી રાખવા કે સેવા બાબત ઓછામાં ઓછા અવરોધોનો સામનો કરવો પડે એવા સખત પ્રયાસો કરી રહ્યાં છીએ તેમજ અમે તમને એ બાબતની ખાતરી આપવા માગીએ છીએ કે આ સમગ્ર પરિવર્તનની પ્રક્રિયા દરમિયાન અમે અમારા દર્દીઓ અને તેમનાં પરિવારજનો માટે શક્ય તેટલી શ્રેષ્ઠ સંભાળ અને સહાય પૂરી પાડવાનું ચાલુ રાખીશું. તમારી સંભાળ તેમજ તમારા સ્વાસ્થ્ય-સંભાળની જરૂરિયાતોને સારી રીતે લેવા માટે એક બાજુથી જ્યારે અમારી ટુકડી કામ કરી રહી છે ત્યારે બીજી તરફ તમે જે ધીરજ રાખી છે અને સમજશક્તિ કેળવી છે એ બાબત અમે તમારી કદર કરીએ છીએ.

જો તમારે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા સ્વાસ્થ્ય-સંભાળની ટુકડીનાં સભ્ય સાથે વાત કરો.